# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૧-A તા.૧૪-૯-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- સ્વચ્છતા પખવાડીયા અંતર્ગત "સ્વચ્છતા એ જ સેવા"ની ઉજવણીના ભાગરૂપે ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા શ્રમદાન કરવા બાબત.

સંદર્ભ :- ૧.એસએસએ/ટીટી/૩/૨૦૧૮/૩૦૭૧૫-૮૧૨ તા.૧૪-૦૯-૨૦૧૮નો પત્ર.
૨. એસએસએ/ટીટી/૩/૨૦૧૮/૩૦૮૧૫-૮૫૩ તા.૧૪-૦૯-૨૦૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, માનવ સંશાધન વિકાસ મંત્રણાલય, ભારત સરકારના તા.૧૪-૦૮-૨૦૧૮ના પત્ર અન્વયે રાજ્યની તમામ શાળાઓમાં તા.૦૧-૦૯-૨૦૧૮ થી તા.૧૫-૦૯-૨૦૧૮ દરમિયાન "સ્વચ્છતા પખવાડીયા"ની ઉજવણી કરવા, તેમજ "સ્વચ્છતા પખવાડીયા"ની ઉજવણીના ભાગરૂપે તા.૧૫-૦૯-૨૦૧૮ના દિવસે "સ્વચ્છતા એ જ સેવા" દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા માન. વડાપ્રધાનશ્રીને પોસ્ટ કાર્ડ લખવા માટે પ્રોત્સાહિત કરવા જણાવેલ છે.

માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૨-૦૯-૨૦૧૮ના પત્રથી જણાવ્યા અનુસાર તા.૧૫-૦૯-૨૦૧૮ "સ્વચ્છતા એ જ સેવા" દિવસના રોજ શ્રમદાનના ભાગરૂપે તમામ શાળાઓના બાળકોને સવારે ૭.૦૦ થી ૮.૦૦ કલાક દરમિયાન શાળાની સફાઈમાં મદદ કરે તેવું આયોજન કરવાનું રહેશે.

**તા.૧૫-૦૯-૨૦૧૮ થી શરૂ થઈ રહેલ "સ્વચ્છતા એ જ સેવા" ઝુંબેશના રોજ માન. વડાપ્રધાનશ્રી સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન જીવંત પ્રસારણ દ્વારા પ્રાસંગિક વાત કરનાર છે. તો તમામ શાળાના તમામ બાળકો અને શિક્ષકોએ તા.૧૫-૦૯-૨૦૧૮ના રોજ જીવંત પ્રસારણ નિહાળવાનું રહેશે.**

તા.૧૫-૦૯-૨૦૧૮ના રોજ શાળાકક્ષાએ થનાર ઉક્ત પ્રવૃત્તિઓ / કામગીરીનો ફોટોગ્રાફ / વિડીયોગ્રાફ સાથેનો અહેવાલ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવાનો રહેશે.

બિડાણ :-

૧. સંદર્ભિત પત્રો

તા.૧૪-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સર્વ શિક્ષા અભિયાન

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩
e-mail : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

**પત્રક્રમાંક : એસએસએ/ટીટી/૩/૨૦૧૮/** 30८२५-८५३ **તા.૧૪/૯/૧૮**

**<u>ટોચઅગ્રીમતા</u>**

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસએસએ,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**વિષય : માન.વડાપ્રધાનશ્રીનું જીવંત પ્રસારણ નિહાળવા બાબત.**
**(તા.૧૫/૯/૧૮ના રોજ સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન)**
**સંદર્ભ : (૧) અત્રેનો પત્રક્રમાંક નં. એસએસએ/ટીટી/૩/૨૦૧૮/૩૦૭૧૫–૮૧૨, તા.૧૪/૯/૧૮.**
**(૨) ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયનો તા.૧૨/૯/૧૮નો પત્રક્રમાંક : F.27-19/2017-EE.16.**
**(૩) શ્રી પ્રકાશ જાવડેકર, મંત્રીશ્રી, માનવ સંસાધન વિકાસ, ભારત સરકારનો તા.૧૨/૯/૧૮નો D.O.No.27-19/2017-IS-9.**

'સ્વચ્છતા એ જ સેવા' દિવસના રોજ શ્રમદાનના ભાગરૂપે દેશની તમામ શાળાઓના ધોરણ ૬ થી ૮ના બાળકો સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાક દરમિયાન શાળાની સફાઈમાં મદદ કરે, તેમજ ધોરણ ૯ અને તેથી ઉપરના ધોરણના વિદ્યાર્થીઓ તેઓની શાળાના આચાર્ય અને શિક્ષકો સાથે મળીને સ્થાનિક સંસ્થાઓની સામેલગીરીથી શાળાની બહાર(આજુ–બાજુ)ના ભાગે પડેલ નકામા પ્લાસ્ટિકને દુર કરવા/ઉપાડી લેવાની પહેલ કરે તેમ સંદર્ભિત–૨થી મળેલ સુચનાઓ તમામ શાળાઓને આપવા અત્રેના સંદર્ભિત–૧થી જણાવેલ છે.

શ્રી પ્રકાશ જાવડેકર, માન. મંત્રીશ્રી, માનવ સંસાધન વિકાસ, ભારત સરકારના સંદર્ભિત પત્ર–૩થી મળેલ સુચના મુજબ ભારત દેશમાં તા.૧૫/૯/૧૮થી શરૂ થઈ રહેલ 'સ્વચ્છતા એ જ સેવા' ઝુંબેશના રોજ માન.વડાપ્રધાનશ્રી સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ કલાક દરમિયાન જીવંત પ્રસારણ ધ્વારા પ્રાસંગિક વાત કરનાર છે.

ઉપરોકત બાબતને ટોચઅગ્રીમતા આપી આપના જિલ્લાની તમામ શાળાઓના તમામ બાળકો અને શિક્ષકો તા.૧૫/૯/૧૮ના રોજ સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ કલાક દરમિયાન માન.વડાપ્રધાનશ્રીનું જીવંત પ્રસારણ નિહાળે તે માટેની સુચના આપવા જણાવવામાં આવે છે.

**(જયશ્રી દેવાંગન)**

**બિડાણ :**
**– માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૨/૯/૧૮ના પત્રની નકલ**
**નકલ સવિનય રવાના :**
**– માન.સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
**– માન.એસપીડીશ્રી, સદર કચેરી.**

D.O.No.27-19/2017-IS-9

प्रकाश जावडेकर
*Prakash Javadekar*

मंत्री
मानव संसाधन विकास
भारत सरकार
MINISTER
HUMAN RESOURCE DEVELOPMENT
GOVERNMENT OF INDIA

12 SEP 2018

Please recall our discussions on 7th September, 2018 over Video Conference regarding 'Swachhata Hi Seva' campaign.

As we had discussed, it would be great if all school children view live telecast of Hon'ble Prime Minister's speech on the occasion from 9.30 to 10.30 am. Thereafter, the school children could help to clean the school premises as well as surrounding areas. This will be an excellent initiative for spreading the Swachhata message.

Students from Classes VI to VIII can clean the school premises, whereas senior students can collect plastics wastes of surrounding areas. For this, I would suggest that the assistance of the local bodies may be taken.

I propose to be at the Kendriya Vidyalaya in Gole Market, New Delhi on 15th September, 2018 to help in the cleaning activities. I would be grateful if you could oversee the activities in your States/ UTs so that the launch of the 'Swachhata Hi Seva' campaign on 15th September, 2018 coinciding with the last day of this Ministry's Swachhata Pakhwada is a grand success.

With regards,

Yours sincerely,

(PRAKASH JAVADEKAR)

ASPD sh
for n.a
14/9

**All State Education Minister/UT Administrators**

Room No. 3, 'C' Wing, 3rd Floor, Shastri Bhavan, New Delhi-110 115
Phone : 91-11-23782387, 23782698, Fax : 91-11-23382365,
E-mail : minister.hrd@gov.in

પી ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસએ

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૩૨૪૧૩
e-mail : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

**પત્રક્માંક : એસએસએ/ટીટી/૩/૨૦૧૮/૩૦૧૧૫ - ૮૧૨** **તા.૧૪/૯/૧૮**

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**વિષય : સ્વચ્છતા પખવાડીયા અંતર્ગત 'સ્વચ્છતા એ જ સેવા'ની ઉજવણીના ભાગરૂપે ધો.૬ થી ૮, તેમજ ધો.૯ અને તેથી ઉપરના ધોરણના વિદ્યાર્થીઓ ધ્વારા શ્રમદાન કરવા બાબત.**
**સંદર્ભ : (૧) અત્રેનો પત્રક્માંક નં. એસએસએ/સીવીલ/૨૦૧૮/૨૮૬૮૧–૭૮૯, તા.૩૦/૮/૧૮.**
**(૨) અત્રેનો પત્રક્માંક : એસએસએ/ટીટી/૩/૨૦૧૮/૨૯૮૪૪–૮૮૧, તા.૬/૯/૧૮.**
**(૩) ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયનો તા.૧૨/૯/૧૮નો પત્રક્માંક : F.27-19/2017-EE.16.**

માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૪/૮/૧૮ના પત્ર અન્વયે અત્રેની કચેરીના સંદર્ભિત પત્ર–૧થી રાજયની તમામ શાળાઓમાં તા.૧/૯/૧૮ થી તા.૧૫/૯/૧૮ દરમિયાન 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉજવણી કરવા, તેમજ 'સ્વચ્છતા પખવાડીયા'ની ઉજવણીના ભાગરૂપે તા.૧૫/૯/૧૮ના દિવસને **'સ્વચ્છતા એ જ સેવા'** દિવસ તરીકે ઉજવવા, તેમજ 'સ્વચ્છતા એ જ સેવા' દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા માન.વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડ લખવા માટે પ્રોત્સાહિત કરવા સંદર્ભિત પત્ર–૨થી જણાવેલ છે.

માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૨/૯/૧૮ના પત્રથી જણાવ્યા અનુસાર તા.૧૫/૯/૧૮, 'સ્વચ્છતા એ જ સેવા' દિવસના રોજ શ્રમદાનના ભાગરૂપે તમામ શાળાઓના ધોરણ ૬ થી ૮ના બાળકો સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાક દરમિયાન શાળાની સફાઈમાં મદદ કરે, તેમજ ધોરણ ૯ અને તેથી ઉપરના ધોરણના વિદ્યાર્થીઓ તેઓની શાળાના આચાર્ય અને શિક્ષકો સાથે મળીને સ્થાનિક સંસ્થાઓની સામેલગીરીથી શાળાની બહાર(આજુ–બાજુ)ના ભાગે પડેલ નકામા પ્લાસ્ટિકને દુર કરવા/ઉપાડી લેવાની પહેલ કરે તેમ જણાવેલ છે.

તા.૧૫/૯/૧૮ના રોજ શાળા કક્ષાએ થનાર ઉકત પ્રવૃત્તિઓ/કામગીરીનો ફોટોગ્રાફસ/વિડીયોગ્રાફસ સાથેનો અહેવાલ તૈયાર કરી જિલ્લા કક્ષાની કમિટિને, અને જિલ્લા કક્ષાની કમિટિએ રાજય કક્ષાની કમિટિને મોકલી આપવાનો રહેશે.

માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૨/૯/૧૮ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જેને ધ્યાને લઈ આપની કક્ષાએથી સબંધિતોને જરૂરી કાર્યવાહી માટે સુચનાઓ આપવા જણાવવામાં આવે છે.

**(પી ભારતી)**

**બિડાણ :** માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૨/૯/૧૮ના પત્રની નકલ
**નકલ સવિનય રવાના :**
– માન.સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

भारत सरकार
मानव संसाधन विकास मंत्रालय
स्कूल शिक्षा और साक्षरता विभाग
शास्त्री भवन
नई दिल्ली – 110 115
GOVERNMENT OF INDIA
MINISTRY OF HUMAN RESOURCE DEVELOPMENT
DEPARTMENT OF SCHOOL EDUCATION & LITERACY
SHASTRI BHAWAN
NEW DELHI-110 115

सत्यमेव जयते

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

सूचना का अधिकार

**Maneesh Garg**
**Joint Secretary(SE.I)**

**No.F. 27-19/2017-EE.16**

Dated 12th September, 2018

Respected Ma'am/Sir,

This has reference to this Department letter of even number dated 14th August, 2018 on the above subject. A copy of the revised schedule of activities of Swachhata Pakhwada, the methodology to upload reports and photos were communicated to you.. It was suggested that the last day of Swachhata Pakhwada i.e. 15th September, 2018 may be converged with the launch of the Swachhata Hi Seva (SHS) campaign which will go on till 2nd October, 2018 throughout the country.

2. It is suggested that on the 15th September, 2018 as part of the shramdhan, all school children from classes VI to VIII could help to clean their schools from 7 AM to 8 AM. The Senior school students from Classes IX and above, along with their teachers and Principals could take initiative for cleaning the environment outside the school by removing/ picking up the waste plastics etc. The local bodies could also be involved in this.

3. The participation of the school children may be duly reported by the Head of the School/ Institution, which may be consolidated and reported to this Department in an online mode. State-wise consolidated figure of the participation in your State/UT may be communicated to this Department through Google Tracker. The photographs and videos of the **shramdaan** and other activities undertaken on 15th September, 2018 may be sent to this Department and uploaded on Google Tracker/Drive, as intimated earlier.

4. It is requested that necessary instructions may kindly be issued to all concerned for the activities on 15th September, 2018 on the occasion of the launch of Swachhata Hi Seva to ensure the success of the programme.

Yours sincerely,

With Regards,

(Maneesh Garg) 12/9

To

The Principal Secretaries/ Secretaries (Education) of all States/UTs.

Copy to:-

1. The SPDs, Samagra Shiksha of all State/ UT
2. The Commissioner, KVS
3. The Commissioner, NVS
4. The Commisioner, CISCE
5. The Director, CTSA

Copy also to:

(i) The Secretary, MDWS for kind information
(ii) Ms. Bharti Sharma, Sr. Consultant, TSG (Ed.CiL), New Delhi.

शिक्षा का अधिकार
सर्व शिक्षा अभियान
सब पढ़ें सब बढ़ें

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૧-B તા.૧૪-૯-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવા બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/કલાઉત્સવ/૨૦૧૮/૨૧૦૭૦-૨૧૧૬૦ તા.૧૪-૦૯-૨૦૧૮નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ કૌશલ્યો જેવા કે, ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વકતૃત્ત્વને આધારે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરુ પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે વિવિધ કાર્યક્રમો યોજવાના થાય છે.

તમામ શાળાઓમાં ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી અને કલા ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વકતૃત્ત્વ સ્પર્ધા શાળાકક્ષા અને સી.આર.સી. કક્ષા તેમજ ઝોનકક્ષાએ યોજવાની રહેશે.

૧. **શાળાકક્ષાની સ્પર્ધા :-** શાળાકક્ષાએ કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વકતૃત્ત્વ સ્પર્ધાનું તા.૦૪-૧૦-૨૦૧૮ના રોજ શાળા સમય દરમ્યાન આયોજન કરવાનું રહેશે. શાળાકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની માત્ર એન્ટ્રી તા.૦૫-૧૦-૨૦૧૮ના રોજ સી.આર.સી. કક્ષાએ મોકલવાની રહેશે.

૨. **કલસ્ટર કક્ષાની સ્પર્ધાઓ :-** શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીની આધારે તા.૦૬-૧૦-૨૦૧૮ના રોજ સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી તા.૦૮-૧૦-૨૦૧૮ ઝોનકક્ષાએ મોકલવાની રહેશે.

૩. **ઝોનકક્ષાની સ્પર્ધા :-** કલસ્ટરકક્ષામાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીની આધારે તા.૦૯-૧૦-૨૦૧૮ના રોજ સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી જિલ્લાકક્ષાએ મોકલવાની રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અન્વયે નીચેના કાર્યક્રમો શાળાકક્ષાએ યોજવાના રહેશે.

| ક્રમ | કાર્યક્રમનું નામ | શાળાકક્ષાએ આયોજનની તારીખ |
|---|---|---|
| ૧ | શાળાની સ્વચ્છતાનું અભિયાન ચલાવશે. | તા.૧૫-૦૯-૨૦૧૮ થી ૩૦-૦૯-૨૦૧૮ |
| ૨ | ૧. પ્રભાત ફેરી (સમય સવારે ૭.૦૦ થી ૮.૦૦)<br>૨. સર્વધર્મ પ્રાર્થના (સમય સવારે ૮.૦૦ થી ૯.૦૦)<br>૩. મહાત્મા ગાંધીજીના વિચારોનું વાંચન (કોઇ પ્રવચન નહી)<br>૪. ગાંધી ગીતો / ભજનો | **તા.૦૨-૧૦-૨૦૧૮** |
| ૩ | ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વકતૃત્ત્વ સ્પર્ધા | શાળા કક્ષા તા.૦૪-૧૦-૨૦૧૮ |
| | | સીઆરસી કક્ષા તા.૦૬-૧૦-૨૦૧૮ |
| | | ઝોન કક્ષા તા.૦૯-૧૦-૨૦૧૮ |

(જિલ્લા અને રાજય કક્ષાના કાર્યક્રમની જાણ પછીથી કરવામાં આવશે.)

ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના કાર્યક્રમમાં શાળાના તમામ બાળકો ભાગ લે તેવું આયોજન કરવાનું રહેશે.

તા.૧૪-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

સત્યમેવ જયતે

ક્રમાંક : જીસીઈઆરટી/કલાઉત્સવ/૨૦૧૮/૨૧૦૭૦-૨૧૧૬૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : ૧૪-૦૯-૨૦૧૮

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી,તમામ

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

વિષયઃ **ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિની ઉજવણીના ભાગરૂપે** વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવા બાબત

સંદર્ભઃ સીંગલ ફાઇલ નં.૧૧૯ તા.૧૧/૦૯/૨૦૧૮ મળેલ મંજુરી અન્વયે.

સવિનય ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપ સૌ વિદિત છો તે અન્વયે **ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિની ઉજવણીના ભાગરૂપે** રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ કૌશલ્યો જેવા કે ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વકતૃત્વને આધારે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂં પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે વિવિધ કાર્યક્રમો યોજવાના થાય છે.

રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં **ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિની ઉજવણી** કાર્યક્રમના ભાગરૂપે **સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી** અને કલા ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓ જેવીકે ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા શાળાકક્ષા અને સી.આર.સી. કક્ષા, કયુડીસી કક્ષા તેમજ તાલુકા કક્ષા, એસવીએસ કક્ષાએ યોજવાના રહેશે.

(૧) સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.

i. પ્રાથમિક વિભાગ — ધોરણ – ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે

ii. માધ્યમિક વિભાગ — ધોરણ – ૯ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે

iii. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ — ધોરણ – ૧૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે

(૨) **શાળા કક્ષાની સ્પર્ધા** : સર્વ પ્રથમ શાળા કક્ષાએ કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી./ ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનીરહેશે.

(3) **ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા** : ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાએ શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે.

(૪) તાલુકા / **એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા** : તાલુકા કક્ષાએ ક્લસ્ટર /ક્યુ.ડી.સી.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાનું રહેશે.

**ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી અન્વયે નીચેના કાર્યક્રમો યોજવાના રહેશે.**

| ક્રમ | કાર્યક્રમનું નામ | શાળાકક્ષાએ આયોજનની તારીખ | |
|---|---|---|---|
| | | **પ્રાથમિક** | **માધ્યમિક અને ઉ.માધ્યમિક** |
| ૧ | શાળાની સ્વચ્છતા તેમજ આજુબાજુની સ્વચ્છતા તેમજ મા.મિ/ઉ.મા.ના બાળકો પ્લાસ્ટિક કચરો એકત્ર કરી સ્વચ્છતા અભિયાન ચલાવશે. | 15-09-2018 થી 30-09-2018 | 15-09-2018 થી 30-09-2018 |
| ૨ | (૧) પ્રભાત ફેરી (સમય 7.00 થી 8.00)<br>(૨) સર્વધર્મ પ્રાર્થના (સમય 8.00 થી 9.00)<br>(૩) મહાત્મા ગાંધીજીના વિચારોનું વાંચન (કોઇ પ્રવચન નહીં)<br>(૪) ગાંધી ગીતો/ ભજનો | 02-10-2018 | 02-10-2018 |
| 3 | ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા | શાળા કક્ષા 04-10-2018 | શાળા કક્ષા 04-10-2018 |
| | | સીઆરસી કક્ષા 06-10-2018 | કયુડીસી કક્ષા 06-10-2018 |
| | | તાલુકા કક્ષા 09-10-2018 | એસવીએસ કક્ષા 09-10-2018 |

( જિલ્લા અને રાજ્યકક્ષાના કાર્યક્રમની જાણ પછીથી કરવામાં આવશે)

તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીઓએ આ સ્પર્ધાઓને સફળ બનાવવા દરેક જિલ્લામાં શાળા કક્ષાથી શરૂ કરી જિલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરી પરસ્પર સંકલનમાં રહીને કરવાની રહેશે

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નિયામક
શાળાઓની કચેરી
ગાંધીનગર

નકલ સવિનય રવાના

- સચિવશ્રી (શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર